


શ્રીજીમહારાજના શરીર પરના
તિલ-ચિહ્નનું વર્ણન






:: મહારાજના જમણા ચરણાર્વિંદમાં કુલ ૯ ચિહ્ન છે ::

૧. જમણા પગના અંગૂઠાના થડમાં ઉર્ધ્વરેખાને મળતું જવનું ચિહ્ન
૨. જાંબુફળ
૩. વજ
૪. બંન્ને ચરણાર્વિંદના તળામાં અંગૂઠાની પાસેની બે આંગળીઓ તેની બે કોરે ઊર્ધ્વરેખા
૫. ધ્વજ
૬. કમળ
૭. અંકુશ
૮. અષ્ટકોણ
૯. સ્વસ્તિક એમનાં ચિહ્ન છે.

:: મહારાજના ડાબા ચરણાર્વિંદમાં કુલ ૭ ચિહ્ન છે ::

૧૦. મત્સ્ય
૧૧. ત્રિકોણ
૧૨. ધનુષ,
૧૩. ગૌપદ
૧૪. ફણાના થડા માં વ્યોમનું ચિહ્ન
૧૫. અર્ધચંદ્ર
૧૬. કળશ એમનાં ચિહ્ન છે.

➤ ડાબા પગની ઉર્ધ્વરેખાની ડાબી બાજુ શ્યામ એવા બે ચિહ્ન પાસે પાસે છે. મહારાજના બંને પગના તળા રક્ત છે. ને બે પગના અંગૂઠાને આંગળીઓના જે નખ તે રક્ત છે ને ઉપાડતા છે ને તેજસ્વી છે.



૧૭. એ જ અંગૂઠાની બહારની બાજુએ એક તિલ છે.

૧૮. મહારાજનાં જમણા પગના અંગૂઠાના નખમાં એક ઊભી રાતી રેખાનું ચિહ્ન છે.

૧૯. અંગૂઠાની પાસેની જે આંગળી તેનું અંગૂઠાની કોરનું પડખું તેમાં એક તિલ છે.

૨૦. બે પગના અંગૂઠા અને તેની પાસેની બે આંગળીઓ ઉપર ચાખડીના ઘસારાના ચિહ્ન છે.

૨૧. બંને પગના અંગૂઠા અને આંગળીઓની ઉપર ઝીણા ઝીણા અને કોમળ એવા રોમના ચિહ્ન છે.

૨૨. જમણા પગની છેલ્લી આંગળીના બહારના પડખામાં નખની પાસે એક તિલ છે.

૨૩. બે પગની બહારની ઘૂંટીઓ ને તેથી હેઠે આસનનાં ઘસારાના ચિહ્ન છે.

૨૪. જમણા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક નાનો તિલ છે.

૨૫. ડાબા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચું નળીને ઉપર એક મોટું તિલ છે. ને તેથી ઉપર પાસે જ એક નાનું તિલ છે.

૨૬. ડાબા પગના ઢીંચણની બહારની બાજુએ એક ચિહ્ન છે.

૨૭. જમણા પગના સાથળની બહારની બાજુ એક મોટું ખાંપાનું ચિહ્ન છે.

૨૮. નાભિથી ઉપર અને બે તસુ ને છેટે ત્રણ તિલ છે, તેમાં બે નળીની ઉપર એક એક તિલ છે અને એક તિલ વચ્ચે છે.

૨૯. નાભીની ડાબી બાજું નાભિથી જરાક છેટે એક તિલ છે.

૩૦. અને તે વચલા તિલથી બે તસુ ઉપર એક તિલ છે.

૩૧. ઊંડી ને ગોળ એવી જે નાભી તેની જમણી કોરે નાભિના કાંઠા ઉપર એક તિલ છે.

૩૨. કમરને વિશે બે કોરે ધોતી પહેર્યાના ઘસારાના શ્યામ ચિહ્ન છે.

૩૩. ડાબે પડખે કુખથી ઊંચે ને બગલથી હેઠે મોટા ચાર તિલની એક ઊભી હાર છે, તેની પાસે બહારની બાજુ એક બીજી નાના ચાર તીલની ઊભી હાર છે.

૩૪. જમણી કુખમાં એક મોટો તિલ છે ને તેની પાસે બીજો નાનો તિલ છે.

૩૫. સદા શીતળ એવું જે ઉદર તે ઉપર ત્રિવળી પડે છે.

૩૬. ડાબે પડખે બગલની નીચે ત્રણ તીલની એક ઊભી હાર છે.

૩૭. જમણી ભુજાની પાસે માંહેલી કોરે ઊભી ઓળ્યે ચાર તિલ છે.

૩૮. હૃદયને વિષે રોમનું શ્રી વત્સનું ચિહ્ન છે.

૩૯. અર્ધચંદ્રના ચિહ્નની વચ્ચેથી જરાક ડાબી બાજુ એક મોટો તિલ છે; અને એ તિલથી ડાબી બાજું બે આંગળને છેટે બીજું એક તિલ છે; ને તેથી ડાબી બાજું બે તસુ છેટે ડાબા સ્તનથી ઉપર ત્રીજું એક તિલ છે.

૪૦. બે સ્તનથી ઉપર બે છાપનાં ચિહ્ન છે.

૪૧. છાતીની વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળુંને જરાક રાતું એવું એક મોટું ચિહ્ન છે. તે જમણી બાજુ કંઈક વિશેષ ચઢતું છે.




૪૨. જમણી કોણીથી નીચે અને કાંડાથી ઊંચા બે તિલ છે.

૪૩. જમણા હાથની ટચલી આંગળીના મૂળથી ઉપર અડધા આંગળને અંતરે એક નાનો તિલ છે.

૪૪. જમણી ભુજામાં મૂળથી ત્રણ તસુ નીચે એક છાપનું ચિહ્ન છે.

૪૫. તે જમણી ભુજાના છાપના ચિહ્નને પડખે બહારની બાજુએ નાના ચાર તિલ છે.




૪૬. ડાબી કોણીથી બે તસુ હેઠો હાથને ઉપલે ભાગે એક તિલ છે.

૪૭. ડાબા હાથના પોંચા ઉપર એક તિલ છે.

૪૮. ડાબી ભુજાના મૂળથી ત્રણ તસુ નીચે એક છાપનું ચિહ્ન છે.

૪૯. ડાબા હાથના અંગુઠા પાસેની જે આંગળી તથા વચલી આંગળી એ બેની વચ્ચે તિલ છે.

૫૦. ડાબા હાથના અંગૂઠાની પાસેની આંગળીના નખની પાસે માંહેલી કોર એક નાનો તિલ છે.



૫૧. બે હથેળી ના મૂળથી ઉપર આઠ તસુ ઊંચા બે છાપના ચિહ્ન છે અને બે હાથના જે નખ તે રક્ત છે ને ઉપડતાં છે ને તેજસ્વી છે ને તે હાથના અગ્રભાગ તે અતિશય તીક્ષ્ણ છે અને બે હાથના જે તળા તે રક્ત છે ને તે માં જે રેખાઓ તે થોડી થોડી શ્યામ જણાય છે.

૫૨. કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે.

૫૩. કંઠના ખાડાના એ તિલથી જરાક છેટે એક નાનો તિલ છે.

૫૪. દાઢી થી નીચે એક તિલ છે.

૫૫. જીહ્વા તે કમળ ના પત્ર સરીખી રક્ત છે અને તેમાં એક શ્યામ ચિહ્ન છે.

૫૬. મહારાજના મુખમાં જમણી કોરે નીચેની જે પ્રથમ દાઢ તેમાં શ્યામ ચિહ્ન છે.



૫૭. જમણા કાનની બુટ્ટી ઉપર એક નાનો તિલ છે.

૫૮. નાસિકાને ઉપર શીળી ના ચાંઠાના ઝીણા ઝીણા ચિહ્ન છે.

૫૯. નાસિકાની પાસે જમણી બાજુએ એક મોટો તિલ(ટીબકડી) છે.


૬૦. ડાબા કાનની માહિલી કોરે શ્યામ બિંદુનું ચિહ્ન છે.

૬૧. તિલથી ઉંચો ને આંખના ખૂણાથી નીચે પાસે જ એક નાનો તિલ છે.બે નેત્રની જે હેઠલી ને ઉપલી પાંપણો તેથી ઉપર ને હેઠે ઝીણી ઝીણી કરચલીઓ પડે છે.

૬૨. વિશાળ ને ઉપડતું એવું જે લલાટ તેને વિષે તિલકને આકારે ઊભી બે રેખા છે.

૬૩. લલાટ તેને વિષે જમણી કોરે કેશથી હેઠું એક ચિહ્ન છે.

૬૪. તાળવાની ઉપર એક મોટો તિલ છે. આ વિના બીજા પણ ઝીણા ઝીણા તિલ ભગવાનના શરીરમાં કેટલાક છે અને શ્રીજી મહારાજની જે મૂર્તિ તે અતિશય રૂપ, સુંદરતા, મધુરતા તેણે યુક્ત છે તથા સવા ચોસઠ તસુ ઊંચી છે. ગઢપુરને વિષે શ્રી ગોપીનાથજી મહારાજ જેટલી ઉંચી અને પુષ્ટ છે તેટલી જ શ્રીજી મહારાજની મુર્તિ ઉંચી અને પુષ્ટ છે.



૬૫. શિખાથી પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે.

૬૬. શિખાથી આગળ પાસે જ એક તિલ છે.

૬૭. કરોડથી જમણી કોરે વાસાની મધ્યે ચાર તિલ છે.

૬૮. જમણી ખરપડી ઉપર એક નાનો તિલ છે.

૬૯. કરોડની જમણી કોરે ડોકથી બે તસુ હેઠો એક તિલ છે.

૭૦. ડાબા ખભાથી બે આંગળ હેઠો વાસામાં એક રોમે સહિત એક મોટો તિલ છે, એ તિલથી નીચે એક તિલ છે વળી તેથી નીચે બીજો એક તિલ છે.

પ્રેરક : પ.પૂ.સદ્ શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી